ચોથા એડિશ્નલ ચીફ જયુડિશિયલ મેજીસ્ટ્રેટ, કોર્ટ નં.પ, અમદાવાદ સીટી

**ક્રિમિનલ કેસ નં.:14163-2026**

આંક–૧ લગત આંક–

ફરિયાદી : ધી સ્ટેટ ઓફ ગુજરાત વિ.

**આરોપી : રોમા ગણપતભાઈ ઠાકોર**

એપીપી શ્રી પંચાલ આરોપી તરફે વિ.વ.શ્રી...........

**ગુના : કલમ : પ્રોહી એકટ ૬૫(એ)(એ)**

**:: ઠરાવ ::**

૧) આ કામની ફરિયાદ હકીકત આરોપી/ઓને વાંચી, સંભળાવી અને સમજાવવામાં આવેલી છે તેના જવાબમાં આરોપી/ઓએ સ્વેચ્છાએ ગુનો કબુલ કરેલ છે આરોપી/ઓએ સ્વખુશીથી ગુનાની કબુલાત કરેલ છે જે નહી માનવાને કોઇ કારણ નથી. આરોપી/ઓ મુદ્દામાલ કલેઇમ કરતા નથી તે પુરસીસ તથા ફરિયાદીનો રીપોર્ટ કે આરોપી/ઓ સામે અન્ય કોઈ ગુનો બહાર આવેલ નથી તે ધ્યાને લીધો.

૨) આરોપી/ઓએ સ્વેચ્છાથી ગુનાની કબુલાત કરેલ છે અને કબુલાત પુરસીસ/પ્લી રજુ કરેલ છે જે ખુબ ગરીબ છે તથા એકમાત્ર કમાનાર હોય દંડ ભરવા મુદત આપવા સારૂ તથા ઓછી સજા કરવા દયાની માંગણી કરેલ છે અને જણાવેલ છે કે પ્રથમ ગુનો છે અને કુટુંબનો ભરણપોષણનો આધાર આરોપી પર છે. આ કામના ગુનાનું સ્વરૂપ લક્ષમાં લઇ તથા આરોપી/ઓ સ્વેચ્છાએ ગુનો કબુલ કરતા હોય નીચે મુજબનો હુકમ કરૂ છું.

૩) કેસની હકીકત, આરોપી/ઓના આથિક સંજોગો, તેની સ્વૈચ્છીક કબુલાત ધ્યાને લેતા તેમજ નામદાર **ગુજરાત હાઇકોર્ટ ગુજરાત રાજય વિ. નટવર હરચંદજીના કેસમાં (જી.એલ.આર.૨૦૦૫(૧) પાના નં.૭૦૯)** આપેલ સમજુતિ મુજબ, આરોપીને કાયદામાં જણાવેલ સજા કરતા ઓછી સજા કરવામાં આવે તો ન્યાયનો વિશાળ હેતુ સચવાય તેમ જણાય છે અને તે સંજોગોમાં ઓછી સજા કરવાના પુરતા કારણો જણાતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## :: હુકમ ::

આ કામના દરેક આરોપી/ઓને ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૨ મુજબ **<u>પ્રોહી એકટ ૬૫(એ)(એ)</u>** ના ગુનામાં ગુનેગાર ઠરાવી આરોપી/ઓને કોર્ટ ઉઠતા સુધીની સજા તથા આરોપી/ઓને **<u>રૂા.૫૦/– (અંકે રૂપિયા પચાસ પુરા)</u>** નો દંડ ફરમાવવામાં આવે છે. જો આરોપી/ઓ દંડ ન ભરે તો દિન–૨ ની સાદી કેદની સજા ફરમાવુ છું. કુલ દંડ **<u>રૂા.૫૦/–</u>**
આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલનો નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૨૧મી, માહે–ફેબ્રુઆરી સને ૨૦૨૬ના રોજ શનિવારની કાયમી લોક અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૨૧/૦૨/૨૦૨૬ (જે.વી. જોષી)
અમદાવાદ ચોથા એડિશ્નલ ચીફ જયુડિશિયલ મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૫, અમદાવાદ શહેર.
યુનિક કોડ નં.જીજે૦૦૯૨૭
સ્પે. સીટીંગ મેજીસ્ટ્રેટ

ઠરાવ બાદ આરોપી/ઓ ખુબ ગરીબ હોય તે ટીઆરસી માટે તૈયાર છે પણ દંડ ભરવા મુદ્દત માંગેલ છે તેથી દંડ ભરવા મુદ્દત તા.૨૧/૦૨/૨૦૨૬ સુધી સમય આપેલ છે તે દિવસે દંડ જમા લેવો તથા કેસનો નિકાલ કરવો. દંડ કલમ ૨૦૬ સીઆરપીસી મુજબ એડવોકેટ કે ઈષ્ટ મિત્ર દ્વારા લઈ શકાશે.

(જે.વી. જોષી)
ચોથા એડિશ્નલ ચીફ જયુડિશિયલ મેજીસ્ટ્રેટ,